**અનુસૂચિત જનજાતિની ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોને આપવામાં આવતી નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા બાબત.**

**<u>નવી બાબત: વર્ષ ૨૦૧૫-૧૬</u>**

**ગુજરાત સરકાર,**

આદિજાતિ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક: પવછ/૧૫૨૦૧૫/ન.બા.૪૭/ગ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧/૦૪/૨૦૧૫.

**<u>વંચાણે લીધા</u>:-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૫/૦૪/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: છતલ/૨૦૧૧/૩૮૦/ ન.બા.૨/ગ

(૨) કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરીનો તા.૨૨/૦૧/૨૦૧૫નો પત્ર નં:- આવિ/છતલ/૧/ ફા.નં.૧૭૮૦/૨૦૧૪-૧૫/૧૬૧ થી ૧૬૨.

**<u>ઠરાવ</u>:-**

સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઈન એઈડ કુમાર અને કન્યા છાત્રાલયો શરૂ કરવા આદિજાતિ વિકાસ વિભાગે માન્યતા આપેલ સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત કુમાર અને કન્યા છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના છાત્રો/ છાત્રાઓ માટે વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના ઠરાવથી છાત્રદીઠ માસિક રૂ.૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા)ની નિભાવ ગ્રાન્ટ ૧૦ (દસ) માસ માટે સંસ્થાને ચુકવવામાં આવે છે. આ નિભાવ ગ્રાન્ટની રકમમાં ત્યારબાદ વધારો કરવામાં આવેલ નથી. હાલની પ્રવર્તમાન મોંઘવારીને ધ્યાને લઈને તેમજ આ છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતાં છાત્રો/ છાત્રાઓને નાસ્તા અને ભોજન સહીતની સારી સુવિધાઓ આપી શકાય તે હેતુથી બિનઆદિજાતિ વિસ્તારમાં સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોના છાત્રો/ છાત્રાઓ માટે ચૂકવવામાં આવતી નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના પત્રથી કમિશનરશ્રી (આ.વિ.)એ વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં સમાવેશ કરવા માટેની રૂ.૩૨૬/- લાખની નવી બાબતની દરખાસ્ત કરેલ. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે બિનઆદિજાતિ વિસ્તારમાં આવેલ સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોના છાત્રો/ છાત્રાઓ માટે ચૂકવવામાં આવતી વિદ્યાર્થીદીઠ માસિક રૂ.૧,૦૦૦/-માં રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા)નો વધારો કરી વિદ્યાર્થીદીઠ માસિક

રૂ.૧,૫૦૦/-ની નિભાવ ગ્રાન્ટ ૧૦ (દસ) માસ માટે સંસ્થાને ચૂકવવા માટેની રૂ.૩૨૬/- લાખની સને ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ નવી બાબતને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ અંગેનો ખર્ચ તા.૧/૦૪/૨૦૧૫ થી કરવાનો રહેશે.

(૨) નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં સને ૨૦૧૫-૧૬ ની બજેટ જોગવાઈને આધીન ખર્ચ કરવાનોરહેશે.

(૩) જે હેતુ માટે અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવેલ તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.તેમજ વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) આ છાત્રાલયોમાં અનુસુચિત જનજાતિના વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને આપવામાં આવતી સવલતોનું નિયમિત મોનીટરીંગ થાય તે અંગેના વ્યવસ્થા સક્ષમ અધિકારી અમલીકરણ અધિકારીઓએ કરવાની રહેશે તેમજ તે અંગેનો છ માસિક અહેવાલ સમીક્ષા સારૂ વિભાગ સમક્ષ રજુ કરવાનો રહેશે.

(૫) નિભાવ ગ્રાન્ટ ચૂકવવાની અન્ય શરતો યથાવત રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૭) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે ચૂકવવાપાત્ર નિભાવ ગ્રાન્ટની સુધારેલ રકમ મુજબનો ખર્ચ તા.૧/૦૪/૨૦૧૫ પછીથી શરૂ થતા નવા સત્રથી કરવાનો રહેશે.

(૯) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૦) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૨) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૩- આયોજન, મુખ્ય સદર: ૨૨૨૫- અનુ.જાતિ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૨- અનુ.

જનજાતિઓનું કલ્યાણ ગૌણ સદર-૨૭૭- શિક્ષણ, (૧૧) VKY-૧૬૫- સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોને સહાયક અનુદાન હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણા વિભાગની તા.૩૧/૦૩/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

-/-

**(નરેન્દ્ર વાઘેલા)**

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

ગુજરાત સરકાર

**પ્રતિ,**

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

નાણા સલાહકારશ્રી, (આ.વિ.), બ્લોક નં-૧૪/૨, સચિવાલય, ગાંધીનગર.

સર્વેમદદનીશ કમિશનરશ્રી, (આ.વિ.)

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સિલેક્ટ ફાઈલ .